GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
GCCI
ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

| Pathik Patwari | Ajay Patel | Yogesh Parikh | Anil Jain | Dilip Padhya | Apurva Shah |
|---|---|---|---|---|---|
| President | Sr. Vice President | Vice President | Hon. Secretary | Hon. Secretary (R) | Hon. Treasurer |


19 સપ્ટેમ્બર, 2022 | 28122

પ્રતિ,
**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: આપના વિભાગને લગતા પડતર પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા માટે આપશ્રી અને સંલગ્ન ઉચ્ચ અધિકારીઓ સાથે મિટિંગ માટે વિનંતી**

માનનીય મંત્રીશ્રી,

સૌપ્રથમ ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આપશ્રી દ્વારા જે સકારાત્મક પગલાંઓ લેવામાં આવ્યા છે તે બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.

રાજ્યના વેપાર-ઉદ્યોગના વિકાસને વેગ મળે અને Ease of Doing Business ને બાધારૂપ બનતા પડતર પ્રશ્નોનું નિરાકરણ આવે તે ઉદ્દેશથી GCCI દ્વારા વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નો અને નિરાકરણ માટેના સુચનોનું સંકલન કરવામાં આવ્યું છે.આપશ્રીને લગતા વિભાગોના પ્રશ્નો અત્રે આપની જાણ સારું બિડાણ કરેલ છે.

આપના વિભાગના પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ ખુબજ જરૂરી હોવાથી આપશ્રી અને સંલગ્ન ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં મિટિંગ તાત્કાલિક ધોરણે યોજવા આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે જેથી પ્રશ્નો અને સૂચિત સુધારાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઇ શકે અને તેમનું ત્વરિત નિરાકરણ લાવી શકાય.

ઉપરોક્ત બાબતે આપના સકારાત્મક પ્રત્યુત્તરની અપેક્ષા સહ,

આપનો,

**પથિક પટવારી**
**પ્રમુખ.**

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના: શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા,** માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા), ગુજરાત સરકાર, ગાંધીનગર.

## 1. આરોગ્ય વિભાગ

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.1 | આરોગ્ય વિભાગ | હોસ્પિટલ સેકટરને સર્વિસ ઉદ્યોગનો દરજ્જો | હાલમાં હોસ્પિટલો અન્ય ઉદ્યોગોની જેમ જ ખુબ મોટી સંખ્યામાં રોજગારી આપે છે તેમજ હેલ્થ કેર ક્ષેત્રે વાણિજ્યક ધોરણે સ્વાસ્થ્ય સંબંધિત અનેકવિધ સેવાઓ પુરી પાડે છે. અમારું સૂચન છે કે હોસ્પિટલ સેકટરને સર્વિસ ઉદ્યોગ ગણી તેમને ઉદ્યોગ તરીકેનો દરજ્જો આપવો જોઈએ જેથી અન્ય ઉદ્યોગોને મળતા લાભ હોસ્પિટલોને પણ મળવાપાત્ર થાય. |
| 1.2 | | હોસ્પિટલોને પણ ૧૦૦% ઇલેક્ટ્રીસીટી ડયુટીમાંથી ૫ વર્ષ માટે છુટ આપવી જોઇએ | હાલમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નવી હેરીટેજ ટુરીઝમ પોલીસી-૨૦૨૦-૨૫ અંતર્ગત હોટલ, બેન્ક્વેટ હોલ, રેસ્ટોરન્ટ વગેરેને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ૫ વર્ષ માટે ઇલેક્ટ્રીસીટી ડયુટીમાં ૧૦૦%ની છુટ આપવામાં આવેલ છે. આજ રીતે હેલ્થકેર ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે હોસ્પિટલોને પણ ૧૦૦% ઇલેક્ટ્રીસીટી ડયુટી માંથી ૫ વર્ષ માટે છુટ આપવી જોઇએ |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.3 | | નેબરહુડ સેન્ટર / સોશ્યલ ઇન્ફ્રા. હેતુની જોગવાઇનું અમલીકરણ અને હોસ્પિટલ પોલીસી 2021 માં ૪૫% સુધી બિલ્ટઅપ એરિયા દરેક માળે મળે તેવો સુધારો | હાલમાં હોસ્પિટલ પોલીસી-૨૦૨૧માં ૫૦૦૦ ચો.મી. મોટા પ્લોટમાં હોસ્પિટલ માટે છુટછાટ આપવામાં આવ્યા છે. કોર્પોરેશન વિસ્તારમાં અગાઉ જ્યાં વિકાસ થઇ ગયેલ છે ત્યાં જુની ટાઉન પ્લાનિંગ સ્કીમમાં ૫૦૦૦ ચો.મી.ના ફાયનલ પ્લોટ તથા 30 મીટર પહોળાઇના રસ્તા મળવા મુશ્કેલ છે અને બજાર કિંમત ધ્યાને લેતા ડોક્ટર્સ માટે હોસ્પિટલ પોલીસીનો લાભ લેવો અશક્ય છે.<br><br>ઉપરના સંજોગોમાં હોસ્પિટલ પોલીસીમાં સુધારો કરી ૫૦૦૦ ચો.મી.ના ક્ષેત્રફળના બદલે ૧૫૦૦ ચો.મી. ક્ષેત્રફળ કરવું અને 30 મીટર પહોળાઇના રસ્તા બદલે 18 મીટર પહોળાઇના રસ્તાનું આયોજન સૂચવવા વિનંતી છે.<br><br>વધુમાં હાલના સંજોગોમાં મેડીકલ સારવાર ખૂબજ મોંઘી બનતી જાય છે અને તે માટેની અદ્યતન સુવિધાથી સજ્જ હોસ્પિટલ |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | ખૂબજ ઓછી ઉપલબ્ધ છે. આ સંજોગોમાં જાહેર હિત ધ્યાને લઇ જે પ્રીલીમનરી સ્કીમ સરકારશ્રી દ્વારા મંજુર થઇ ગયેલ છે તેમાં નેબરહુડ સેન્ટર/ સોશ્યલ ઇન્ફ્રા હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં દર ૩ ચો.કી.મી. એક કોમ્યુનિટી હોસ્પિટલ તથા દર ૧૦ ચો.કી.મી. એક કોર્પોરેટ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઉપલબ્ધ થાય તે રીતે નેબર હુડ સેન્ટર / સોશ્યલ ઇન્ફ્રા. હેતુની જોગવાઇનું અમલીકરણ કરવા વિનંતી. |
| 1.4 | | **જી.ડી.સી.આર.માં સુધારો** | જી.ડી.સી.આર. માં નોર્મલ લો રાઇઝ બિલ્ડીંગોમાં ૪૫% સુધી બિલ્ટઅપ એરિયાની જોગવાઇઓ છે જ્યારે હોસ્પિટલ પોલીસી-2011 (સબ ક્લોઝ ૬.૬.૨) મુજબ હોસ્પિટલો માટે ૩૦% સુધીના બિલ્ટઅપ એરિયાની જોગવાઇઓ છે. હોસ્પિટલ પોલીસી ૨૦૧૧ માં ૪૫% સુધી બિલ્ટઅપ એરિયા દરેક માળે મળે તેવો સુધારો જી.ડી.સી.આર.માં કરવો |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | જોઇએ. આ સુધારો કરવાથી બિલ્ડીંગની હાઇટ ઘટશે તથા આગ લાગવા જેવી પરિસ્થિતિમાં દર્દીને તથા સ્ટાફને સરળતાથી બચાવી શકાશે અને તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને આ સુધારો કરવા માટે ભલામણ કરવી જોઇએ. |